# ‘ગાંધી’ ફિલ્મની કયાં વાત કરો છો?... તે પહેલાં ગાંધીને દુનિયા જાણી ચુકી હતી


**ઈન સાઈડ આઉટ સાઈડ**
કિરણ કાપૂરે

આ લોકસભાની ચૂંટણી દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક નિવેદનો એવાં આપ્યાં જેનો કોઈ આધાર, અર્થ કે તર્ક નહોતા. અંતિમ તબક્કાની ચૂંટણી પહેલાં એક ઈન્ટરવ્યૂમાં તેમણે ફરી એક આવું નિવેદન આપ્યું છે. આ નિવેદનમાં તેમણે ગાંધીજી વિશે કહ્યું કે, ગાંધીજીની વિશ્વસ્તરે ઓળખ થઈ તે ‘ગાંધી’ ફિલ્મ આવ્યા બાદ. એ પહેલાં વિશ્વમાં ગાંધીજીને કોઈ ઓળખ મળી નહોતી. આમ તો ગાંધીજીને વિશ્વમાં મળેલી પ્રતિષ્ઠા અને ઓળખને અહીં બયાન કરવાની જરૂર નથી પરંતુ જ્યારે વડા પ્રધાન ખુદ આ રીતનું જુઠ્ઠાણું ચલાવે તો તે અંગે તથ્યો સામે મૂકવા જોઈએ. મોહનદાસ કરમચંદ ગાંધીની વિશ્વ સ્તરે ઓળખ પ્રસ્થાપિત તો તેઓ 1915માં ભારતમાં આવ્યા તે પહેલાં જ થઈ ચૂકી હતી. દક્ષિણ આફ્રિકામાં તેઓ બે દાયકા સુધી રહ્યા. 1893માં ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા અને 1914 સુધી ત્યાં રહ્યા. આ દરમિયાન તેમણે હિંદીઓ સાથે થઈ રહેલા અન્યાય સામે લડત ચલાવી અને આ લડતમાં હિંદીઓને ન્યાય અપાવી શક્યા.

દક્ષિણ આફ્રિકા દરમિયાન ગાંધીજીનું પ્રથમ જીવનચરિત્ર લખાઈ ચૂક્યું હતું અને આ લખનારા દક્ષિણ આફ્રિકાના જાણીતા પાદરી જોસેફ ડોક હતા. 22 પ્રકરણમાં ગાંધીજીનું જીવન આલેખી રહેલા જોસેફ ડોકે ગાંધીજીના પ્રારંભના જીવનની અનેક વાતો ટાંકી છે. ગાંધીજીની તે વખતે ઉંમર 40ની આસપાસ હતી. આ દરમિયાન તેમનો પત્રવ્યવહાર જગવિખ્યાત સાહિત્યકાર લિયો ટોલ્સ્ટોય સાથે થયો હતો. જીવનમાં આ બંને મહાનુભાવો રૂબરૂ મળ્યા ન હોવા છતાં તેમની વચ્ચે પત્રવ્યવહાર દ્વારા સહજતાથી આત્મીયતા કેળવાઈ હતી. ગાંધીજીની ઓળખ તત્કાલીન વિશ્વના અગ્રગણ્ય બૌદ્ધિકો, રાજકીય નેતાઓ અને કર્મશીલોમાં વ્યાપક રીતે પ્રસરી હતી. 1909ના અરસામાં તેમણે ‘હિંદ સ્વરાજ’ નામનું પુસ્તક લખ્યું. ઈંગ્લેન્ડથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતી વેળાએ તેમણે આ પુસ્તક જહાજની મુસાફરી દરમિયાન લખ્યું હતું. આ નાનકડા પુસ્તકે તે સમયે ખૂબ ચર્ચા જગાવી. 1938માં આ પુસ્તક વિશે જાણીતા મેગેઝિન ‘આર્યનપાથ’ દ્વારા એક વિશેષાંક પ્રકાશિત થયો હતો અને તેમાં તત્કાલીન વિશ્વના અગ્રગણ્ય બૌદ્ધિકોએ ગાંધીજીના ‘હિંદ સ્વરાજ’ પુસ્તકમાં રજૂ થયેલા વિચારો અંગે છણાવટ કરી હતી. જો તે સમયે ગાંધીજીનું નામ માત્ર ભારત પૂરતું સીમિત હોત તો જી. ડી. એચ. કોલ, ડેલિસલ બર્ન્સ, જોહન મેરી, જે. ડી. બોર્સફોર્ડે જેવા બૌદ્ધિકોએ તે વિશે લખ્યું જ ન હોત. આ પુસ્તકમાં ગાંધીજીએ માણસના અવેજમાં મુકાતા યંત્રોનો વિરોધ કર્યો. તેમણે તાર-ટપાલ અને રેલવેનો પણ વિરોધ દર્શાવ્યો છે. ગાંધીજીના આ વિચારોને તત્કાલીન બૌદ્ધિકોએ તપાસ્યા છે અને તે અંગે વિસ્તૃત ટિપ્પણી કરી છે.


ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે તેઓ એક સફળ આગેવાન તરીકે ભારત આવ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ સામેની અન્યાયની લડતને સફળતાપૂર્વક પાર પાડી હતી, જેથી દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને અન્યાયી કાયદા સામે રાહત મળી હતી. ભારત આવ્યા બાદ પણ તેમનું જીવન ચર્ચામાં રહ્યું અને વિશ્વભરમાં તેમના એકેએક પગલાંની નોંધ લેવાતી. ભારતમાં અનેક સત્યાગ્રહોની તેઓ આગેવાની લે છે. 1922માં તેમના પર થયેલા રાજદ્રોહ માટે થયેલી છ વર્ષની જેલની સજાની નોંધ દુનિયાભરમાં લેવાઈ હતી. ગાંધીજીની અનન્ય લડતની નોંધ લેનારાઓમાં યુરોપના જાણીતાં લેખક રોમાં રોલા પણ હતાં. રોમાં રોલાએ 1924ના અરસામાં ગાંધીજી પર પુસ્તક લખ્યું હતું. બ્રાઝિલની લેખિકા મારિયા મોરાએ પણ ગાંધીજીના શાંતિપ્રયોગ વિશે તે સમયે લખ્યું હતું. સ્વાભાવિક છે કે આ દરમિયાન ગાંધીજીનું મુખ્યત્વે કાર્યક્ષેત્ર ભારત રહ્યું અને અહીંયા તેમણે અંગ્રેજો સામેની લડત સાથે રચનાત્મક કાર્યો પણ કર્યાં. 1930માં તેમણે આરંભેલી દાંડીકૂચ વખતે તેમનો ડંકો પૂરા વિશ્વમાં વાગ્યો. 1930માં અમેરિકાથી પ્રકાશિત થતાં જગવિખ્યાત ‘ટાઈમ’ મેગેઝિને તેમને એ વર્ષે ‘મેન ઑફ ધ યર’ જાહેર કર્યા હતા. સપ્ટેમ્બર 1931માં આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત અખબાર ‘ધ બર્લિન્ગ્ટન હોકઆઈ’એ ગાંધીજીની તસવીર સાથે મથાળે લખ્યું હતુંઃ ‘મોસ્ટ ટોક્ડ અબાઉટ મેન ઈન ધ વર્લ્ડ.’

1931ના અરસામાં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સાથી રહેલા ગ્રેહામ પોલાકના સહધર્મચારિણી મિલિ પોલાકે પણ ગાંધીજીના જીવન પર ‘મિ. ગાંધી : ધ મૅન’ નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક તે પછી ‘સંતનાં સંસ્મરણો’ના નામે ગુજરાતીમાં પ્રકાશિત થયું હતું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં મિલિ પોલાક લખે છે : ‘કેટલાક અમેરિકન મિત્રો સાથે મહાત્માજી સંબંધી વાત થતાં, મારાં સ્મરણો છપાવવાની મને ફરીથી વિનંતી કરવામાં આવી. જે વ્યક્તિ મારે મન પહેલાં, મહાત્મા, સંત કે ચાણક્ય બુદ્ધિ રાજનીતિજ્ઞ નહોતી પરંતુ મહાન પ્રેમાળ મનુષ્ય - તેણે મારા પ્રતિ તથા મારા પતિ પ્રત્યે જાતિ, વર્ણ અને સમયાતીત પ્રેમ દર્શાવ્યો હતો.’ આ પુસ્તકમાં અમેરિકાના શાંતિવાદી રેવ. જે. હોમ્સનું ગાંધીજી વિશેનું નિવેદન છે. નિવેદન આ પ્રમાણે છે : ‘ગાંધીનો વિચાર આવતાં જ મારા મનઃચક્ષુ સમીપ મૂર્તિમંત ઈસુ ખ્રિસ્ત ઊભા રહે છે. એમનામાં ખ્રિસ્તની જીવનયાત્રાની પુનરાવૃત્તિ દૃષ્ટિગોચર લાગે છે. ખ્રિસ્તના શબ્દ પુનઃ ગાંધીના મુખ દ્વારા આબેહૂબ સંભળાવા લાગે છે. ખ્રિસ્તની માફક જ ગાંધી દેહદંડ



ભોગવે છે. મનુષ્યજાતિ ઉન્નતિના પંથે ચઢે તે માટે ખ્રિસ્ત પ્રમાણે જ તે સ્વજીવનને પીલી રહ્યા છે.’ ગાંધીજીને અહીંયા ઈશુ ખ્રિસ્ત સાથે સરખાવવાનો ઉપક્રમ નથી પરંતુ અમેરિકા અને યુરોપના અનેક પાદરી અને શાંતિવાદીઓ ગાંધીજીના જીવનને આ રીતે જોતા હતા.

ગાંધીજીના જીવનથી પ્રેરિત થઈને ઈંગ્લેન્ડના નૌકાદળના અમલદારની દીકરી મેડલિન સ્લેડ 1925ના અરસામાં ભારત આવ્યાં. અહીંયા તેઓ ગાંધીજીના વિચાર અનુસાર જીવન જીવ્યાં. તેમને ભારતમાં નામ મળ્યું મીરાંબહેન. આજીવન તેઓ સાધિકાની જેમ રહ્યાં. આ તમામ વિગતો જ્યારે તપાસીએ ત્યારે કોણ કહી શકે કે ગાંધીજીની ખ્યાતિ વિશ્વભરમાં નહોતી પ્રસરી? 1930માં ગાંધીજી જીવનના છ દાયકા વીતાવી ચૂક્યા હતા ત્યારે તેમને દુનિયાભરમાંથી રાજકીય આગેવાનો અને કર્મશીલ મળવા આવતા અને તેમની પાસેથી માર્ગદર્શન મેળવતાં. 1930માં તેમને સોમાલિયાથી રાજકીય આગેવાન ફરાહ ઓમર મળવા આવ્યા હતા. તેઓ ગાંધીજીને મળ્યા હતા અને તેમની અહિંસક લડતની પદ્ધતિથી ખાસ્સા પ્રભાવિત થયા હતા.



**ફિલ્મના દિગ્દર્શક એટનબરોએ જે પુસ્તકથી પ્રભાવિત થઈને ગાંધીજી વિશે ‘ગાંધી’ ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું એ પુસ્તક વિદેશી પત્રકાર લૂઈ ફિશરે લખ્યું હતું. આ માટે તેઓ ગાંધીજી સાથે પૂરું એક અઠવાડિયું રહ્યા હતા! જો ગાંધીજીને કોઈ ઓળખતું ન હોય તો શા માટે અમેરિકાનો દિગ્ગજ પત્રકાર ગાંધીજી સાથે રહે અને તેમની પર પછી વિગતવાર પુસ્તક લખે?**

ગાંધીજી વિશે મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈનસ્ટાઈને 1939માં કહ્યું હતું કે - આવનારી પેઢીઓ ભાગ્યે જ માનશે કે હાડમાંસનો બનેલો ગાંધી જેવો માણસ આપણી વચ્ચે જન્મ્યો હતો. અમેરિકામાં અશ્વેતોના હક માટે ચળવળ ચલાવનારા માર્ટિન લ્યૂથર કિંગ ગાંધીજીની વિચારધારાથી પ્રભાવિત હોવાનું અનેક વખત કહી ચૂક્યા હતા. અમેરિકન ઈતિહાસકાર સ્ટેનલી વોલપાર્ટે તો ગાંધીજીને બુદ્ધ પછીના સૌથી મહાન ભારતીય ગણ્યા હતા. ફિલ્મના દિગ્દર્શક એટનબરોએ જે પુસ્તકથી પ્રભાવિત થઈને ગાંધીજી વિશે ‘ગાંધી’ ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું એ પુસ્તક વિદેશી પત્રકાર લૂઈ ફિશરે લખ્યું હતું. આ માટે તેઓ ગાંધીજી સાથે પૂરું એક અઠવાડિયું રહ્યા હતા! જો ગાંધીજીને કોઈ ઓળખતું ન હોય તો શા માટે અમેરિકાનો દિગ્ગજ પત્રકાર ગાંધીજી સાથે રહે અને તેમની પર પછી વિગતવાર પુસ્તક લખે?

એટનબરોની ગાંધી ફિલ્મ તો છેક 1982માં રીલીઝ થઈ પરંતુ એ પહેલાં 1953માં ગાંધીજીના જીવન પર અમેરિકામાં ‘મહાત્મા ગાંધીઃ ટ્વેન્ટીએથ સેન્ચ્યુરી પ્રોફેટ’ નામે ડોક્યુમેન્ટરી બનાવવામાં આવી હતી. આ ડોક્યુમેન્ટ્રી અમેરિકાની અતિ ખ્યાતનામ કંપની ‘યુનાઈટેડ આર્ટીસ્ટ’ દ્વારા બનાવવામાં આવી હતી અને તેમાં મહાત્મા ગાંધીના જીવન અને વિચારોને બહુ વિગતે રજૂ કરવામાં આવ્યાં હતાં. 1968માં ભારતમાં પણ ગાંધીજીના જીવન પર વિઠ્ઠલભાઈ ઝવેરીએ એક ડોક્યુમેન્ટ્રી બનાવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો વિશ્વભરમાં પ્રવાસ કરવા માટે જાણીતા છે. તેઓ સત્તા પર આવ્યા ત્યારથી વિશ્વના અલગ અલગ દેશોમાં પ્રવાસ કરતા રહ્યા છે. તો વિશ્વ પ્રવાસી કહેવાતા આપણા વડાપ્રધાનના ધ્યાનમાં એ પણ વાત નહીં આવી હોય કે જે - જે દેશોમાં તેઓ પ્રવાસ કરી ચૂક્યા છે એમાંના મોટાભાગના દેશોએ ગાંધીજીના સ્ટેચ્યૂ તેમના દેશમાં મૂક્યા છે અને તેમના નામે મેમોરીયલ બનાવ્યાં છે! અમેરિકાના કેલેફોર્નિયા ખાતે 1950માં ગાંધી વર્લ્ડ પીસ મેમોરીઅલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. 1969માં મહાત્મા ગાંધીજીની 100મી જન્મજયંતિ નિમિત્તે 1969માં બેલ્જીયમ ખાતે પણ ગાંધીજીનું સ્ટેચ્યુ સ્થાપિત કરવામાં આવ્યું હતું. દુનિયાનો સૌથી જાણીતો નોબલ એવોર્ડ ગાંધીજીને આપવા અંગે પાંચ-પાંચ વાર વિચારણા થઈ હતી અને આ પુરસ્કાર ગાંધીજીને આપી નહોતો શકાયો એ માટે ખુદ નોબલ કમિટી પણ અનેક વખત અફસોસ વ્યક્ત કરી ચૂકી છે. દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને અશ્વેતો માટે લડનારા નેલ્સન મંડેલાએ પણ પોતે ગાંધીજીથી પ્રભાવિત હોવાની વાત ગૌરવભેર સ્વીકારી હતી. આ પરથી તો એમ લાગે છે કે વિશ્વ તો ગાંધીજીને જાણતું જ હતું પરંતુ કદાચ આપણા વડાપ્રધાન ગાંધીજીને




એટનબરોની ફિલ્મ જોયા પછી જ જાણતા થયા હશે!




# ફિલ્મને હિટ કરવા એક મનોજ ભૈયાજી કાફી ન હતા!

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

મનોજ વાજપેઈની ‘ભૈયા જી’ ને સમીક્ષકો અને દર્શકોએ ખાસ પસંદ કરી નથી તેથી એમ કહી શકાય કે 100મી ફિલ્મની ઉજવણી એ કરી શક્યો નથી. કારકિર્દીની આ 100મી ફિલ્મ હોવાનો મનોજનો દાવો ઘણાએ નકારી કાઢ્યો હતો. એક અહેવાલ મુજબ ‘બેન્ડિટ ક્વીન’ થી અત્યાર સુધીની OTT સાથેની ફિલ્મોની ગણતરી કરવામાં આવે તો 80 થી વધુ આવી છે. મનોજે 100 ફિલ્મોમાં પોતાની કઈ કઈ ફિલ્મોનો સમાવેશ કર્યો છે એની યાદી આપી નથી. મનોજ એક નવા જ રૂપમાં એક્શન સાથે પડદા પર આવી રહ્યો હોવાનું ટ્રેલર પછી કહેવાયું હતું. મનોજે ‘સિર્ફ એક બંદા કાફી હૈ’ ના નિર્દેશક અપૂર્વસિંહ કાર્કી સાથે આ બીજી ફિલ્મ આપી હોવાથી વધારે આશા હતી. નિર્દેશકે સમજવાની જરૂર હતી કે એક મનોજ આ ફિલ્મને હિટ કરવા માટે કાફી ન હતો. ભલે મનોજની આ સૌથી મોટી રજૂઆત હતી પણ સ્ક્રિપ્ટ અને અન્ય કલાકારો પર મહેનત કરવાની જરૂર હતી. મનોજ પોતાને શાહરૂખ સાબિત કરવાની ફરી કોશિશ કરી રહ્યો છે. અગાઉ શાહરૂખ રોમેન્ટિક હીરો તરીકે હતો ત્યારે મનોજે પણ ‘દિલ પે મત લે યાર’ કરી હતી. હવે શાહરૂખનો એક્શનનો દોર હોવાથી પોતે જ નિર્માતા બનીને ફિલ્મ બનાવી છે. મનોજની કદ- કાઠી એવી છે કે એ એક્શન હીરો તરીકે બહુ જચતો નથી. ‘ભૈયા જી’ ને એક મોટા બજેટની ભોજપુરી ફિલ્મ તરીકે ઓળખવામાં આવી છે. શરૂઆતમાં જ ભોજપુરીમાં બે ગીત આવે છે. એ કારણે એનું સ્તર કયું છે એનો અંદાજ આવી જાય છે. ફિલ્મની વાર્તા બિહારથી શરૂ થઈને દિલ્હીમાં પૂરી થાય છે. પણ અનેક દ્રશ્યોમાં બિહાર અને દિલ્હીને ભેગા કરી દેવામાં આવ્યા છે.

મનોજનો અભિનય અન્ય કલાકારો જેવો જ છે. પ્રચારમાં મનોજનું પાત્ર બાહુબલી જેવું હોવાનું લાગતું હતું પણ એવી ધાક અને હાક ફિલ્મમાં દેખાતી નથી. ભૈયાજીને એક દમદાર માણસ તરીકે રજૂ કર્યા પછી વિલનથી એ ભાગતો ફરતો દેખાય છે એ પાત્રાલેખનની નબળાઈ છે. તે એક સામાન્ય માણસ તરીકે હોત તો વાત હજમ થઈ શકી હોત. વાર્તામાં કે એની રજૂઆતમાં કોઈ નવીનતા નથી. ભાઈની હત્યાના મોતના બદલાની વાત અનેક ફિલ્મોમાં આવી ચૂકી છે. મનોજ પોતાને ‘પુષ્પારાજ’ કે ‘રૉકીભાઈ’ ની જેમ રજૂ કરી શક્યો નથી. ફિલ્મનો વિષય વાસી થઈ ગયો છે. નેવુંના દાયકાની ફિલ્મ હોય એવો માહોલ છે. એ કારણે શહેરી દર્શકોએ એમાં રસ બતાવ્યો નથી. ‘ભૈયા જી’ વીક એન્ડમાં રૂ.5 કરોડ મેળવી શકી છે. એમ પણ લાગે છે કે મનોજે પોતાને એક્શન હીરો તરીકે રજૂ કરવા અને આજના એક્શન હીરોથી પોતે કમ નથી એ બતાવવા જ ફિલ્મનું જાતે નિર્માણ કર્યું છે. ફિલ્મમાં આધુનિક હથિયારોને બદલે એક પાવડો રાખવામાં આવ્યો છે. દેશી એક્શન પસંદ કરતા દર્શકોને પણ એના દ્રશ્યો મનોરંજન આપે એવા નથી. ભૈયાજીના રૂપમાં એણે ઈમોશન અને રોફ બતાવ્યા છે એમાં પણ થોડી કમી લાગે છે. મનોજે રજનીકાંત બનવાનો પણ પ્રયત્ન કર્યો છે.

ભૈયાજી પોતાના ભાઈની હત્યાનો બદલો લે એની વિશ્વસનીયતા માટે એનું ભાઈ સાથેનું જોડાણ બતાવ્યું નથી. ક્યારેક મા પણ એને બદલો લેવા ઉકસાવે છે. ફિલ્મ એ સાબિત કરી શકતી નથી કે બદલાનો સાચો હેતુ ભૈયાજીનો છે કે એની માતાનો. એની પત્ની તરીકે ‘મુક્કાબાજ’ વાળી જોયા હુસેન એક્શન સાથે છાપ છોડી જાય છે. એણે ‘લેડી બાહુબલી’ જેવું કામ કર્યું છે. ક્યાંક એક્શનમાં એ મનોજને પાછળ રાખી દે છે. વિપિન શર્મા પોલીસ તરીકે જામે છે. એ હસાવવાનું કામ કરે છે. સુવિન્દર

**નિર્દેશકે સમજવાની જરૂર હતી કે એક મનોજ આ ફિલ્મને હિટ કરવા માટે કાફી ન હતો. ભલે મનોજની આ સૌથી મોટી રજૂઆત હતી પણ સ્ક્રિપ્ટ અને અન્ય કલાકારો પર મહેનત કરવાની જરૂર હતી.**

વિક્કી વિલન તરીકે પ્રભાવ પાડી શકતો નથી. પહેલો ભાગ હજુ થોડા કંટાળા સાથે જોઈ શકાય એમ છે. બીજા ભાગમાં ફિલ્મ નિરાશ જ કરે છે. પ્રોડકશન ડિઝાઈન એટલી સામાન્ય છે કે દિલ્હી રેલવે સ્ટેશન જેવા કેટલાક સેટ નકલી હોવાનું દેખાઈ આવે છે. કેટલાક દ્રશ્યોને વધારે પડતા લાંબા ખેંચવામાં આવ્યા છે. નિર્દેશક 2 કલાકમાં ફિલ્મ પૂરી કરી શક્યા હોત. વાર્તામાં કોઈ ટ્વીસ્ટ અને ટર્ન જ નથી. સંદીપ ચૌટાનું બેકગ્રાઉન્ડ સંગીત દમદાર છે પણ ઘણી જગ્યાએ વધુ પડતું લાઉડ છે. ‘બાઘ કા કરેજા’ અને ‘ભાઈ કા વિયોગ’ ગીતો ઠીક છે. ફિલ્મ પારિવારિક હોવા છતાં એમાં બધાને પસંદ આવે એવું મનોરંજન નથી. જેમને ફિલ્મમાં કંઈક નવું અને અલગ જોવું છે એમના માટે આ ફિલ્મ નથી. દક્ષિણની કોઈ ડબ ફિલ્મ જોતાં હોય એવું લાગે છે. ટ્રેલર પરથી લાગતું હતું કે એમાં જબરદસ્ત ખૂનખરાબો હશે. પણ હીરોનું જોશ માત્ર સંવાદોમાં જ સમેટાઈ જાય છે. મનોજનો એ સંવાદ ‘અબ નિવેદન નહીં નરસંઘાર હોગા’ પણ ખોટો સાબિત થાય છે. મનોજને એટલું જ નિવેદન કરવાનું કે પોતાને એક્શન હીરો સાબિત કરવાને બદલે એક અભિનેતા જ રહેવા દે એ કારકિર્દી માટે સારું છે.

**ઓટોગ્રાફ!**

**ખબર છે કે રણબીર કપૂરની ફિલ્મ ‘રામાયણ’ નું નામ બદલીને ‘ગોડ પાવર’ રાખવામાં આવ્યું છે. (એ કેવું કહેવાય કે હિન્દી પૌરાણિક ગ્રંથ પર આધારિત ફિલ્મનું નામ અંગ્રેજીમાં અપાયું છે. તેથી એમ કહેવું પડશે કે ‘રામાયણ’ પર આધારિત ફિલ્મ ‘આદિપુરુષ’ નું નામ તો સારું હતું!)**

# IPL 2024માં કેટલાક ખેલાડી પોતાની રમતને એક અલગ લેવલ પર લઈ ગયા

**ખેલખેલમેં**

ચેન્નાઈમાં રમાયેલી IPL 2024ની ફાઈનલમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવીને પોતાનું ત્રીજું ટાઈટલ જીત્યું હતું અને IPLની 17મી સિઝન સમાપ્ત થઈ ચૂકી છે. આ 17મી સિઝનમાં એવા ખેલાડીઓ પર એક નજર કરીએ જેઓ ઓછામાં ઓછા છેલ્લાં પાંચ વર્ષથી IPLનો ભાગ છે પરંતુ આ વખતે તેઓ પોતાની રમતને એક અલગ સ્તર પર લઈ ગયા છે. આવા ખેલાડીઓમાં સૌથી પહેલું નામ તો વિરાટ કોહલીનું જ લેવું પડે તેવું છે. કોહલીનું નામ એટલા માટે પહેલા લેવાનું થાય છે કે ભલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વધુ એક વાર આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ન બની શકી પણ છતાં કોહલી આ સિઝનમાં પહેલાથી લઈને અંત સુધી ઓરેન્જ કેપ હોલ્ડર બની રહ્યો. આ સિવાય કેટલાંક એવાં નામ છે કે જેઓએ પોતાની રમતને એક અલગ લેવલ આપ્યું હતું, જેમાં સુનીલ નરીન, જસપ્રીત બુમરાહ, અભિષેક શર્મા, સંજુ સેમસન, રિયાન પરાગ અને દિનેશ કાર્તિકનો સમાવેશ થાય છે.

## વિરાટ કોહલીએ શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરી હતી

ઈમ્પેક્ટ પ્લેયર નિયમે IPLમાં વધારાના બેટ્સમેનનો વિકલ્પ રજૂ કર્યો છે અને ઈનિંગ્સમાં એન્કરની ભૂમિકાને પણ ખતમ કરી દીધી છે. વિરાટ કોહલીએ પણ આ વર્ષે પોતાના બેટથી એક અલગ જ ઈરાદો દર્શાવ્યો હતો. કોહલીએ આ સિઝનમાં સૌથી વધુ 154.69ના સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરી હતી. અગાઉ 2016માં તેણે 152.03ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. પાવરપ્લેમાં આક્રમક બેટિંગની સાથે તેણે સ્પિનરો સામે સ્લોગ સ્વીપ પણ રમી હતી. આ સિઝનમાં, કોહલીએ પાવરપ્લેમાં 161.47ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી, જ્યારે આ તબક્કામાં તેનો અગાઉનો શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ 2018માં હતો. તે સિઝનમાં કોહલીએ 139.54ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. આ વખતે સ્પિન સામે કોહલીએ 137.08ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા, જે 2017 પછીનો તેનો સર્વશ્રેષ્ઠ છે.

## બોલિંગ નહીં પણ બેટીંગને કારણે સુનીલ નરીનનું અલગ રૂપ

ઘણાં લોકોએ એવી અપેક્ષા નહિ રાખી હોય કે જ્યારે બોલરોને એક ઓવરમાં બે બાઉન્સર નાખવાની મંજૂરી આપવામાં આવી હતી ત્યારે સુનીલ નરીન ફરી એક વાર ઓપનર તરીકે રમતા જોવા મળશે. જો કે, નરીને માત્ર ઓપનિંગ જ નહીં કર્યું પરંતુ તેણે પ્રભાવિત પણ કર્યા. નરીને આ સિઝનમાં 34.85ની એવરેજ અને 180.74ના સ્ટ્રાઈક રેટથી 488 રન બનાવ્યા હતા. આ સીઝન પહેલા નરીને IPLમાં ચાર અડધી સદી ફટકારી હતી. જો કે, આ વખતે તેણે માત્ર આ આંકડો બમણો જ ન કર્યો પરંતુ તેની સાથે તેણે સદીનું ખાતું પણ ખોલાવ્યું હતું. નરીન માત્ર બેટથી જ નહીં પરંતુ બોલથી પણ ખૂબ જ અસરકારક જણાયો હતો અને તેણે 6.69ની ઈકોનોમી સાથે 17 વિકેટ ઝડપી હતી.

## જસપ્રીત બુમરાહે પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું

જે સિઝનમાં રનનો વરસાદ અટકતો ન હતો, તે સિઝનમાં જસપ્રીત બુમરાહે માત્ર 6.48ની ઈકોનોમીમાં રન આપ્યા હતા. IPLની કોઈ પણ સિઝનમાં બુમરાહની આ શ્રેષ્ઠ ઈકોનોમી પણ છે. અગાઉ 2019માં તેણે 6.63ની ઈકોનોમી પર રન આપ્યા હતા. તે સિઝનની ટુર્નામેન્ટની એકંદરે ઈકોનોમી દર 8.27 હતો જ્યારે આ વર્ષે એકંદર ઈકોનોમી દર 9.41 હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે IPLમાં બુમરાહનું અત્યાર સુધીનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું. એટલું જ નહીં, બુમરાહે પાવરપ્લેમાં માત્ર 6.00 અને ડેથમાં 6.06ની ઈકોનોમી સાથે રન આપ્યા હતા. આ સિઝનમાં રમતના બંને તબક્કામાં ઓછામાં ઓછી પાંચ ઓવર ફેંકનારા બોલરોમાં આ શ્રેષ્ઠ ઈકોનોમી રહી હતી.

## અભિષેક શર્મા સિક્સર મારવામાં પાવરધો સાબિત થયો

અભિષેક શર્માએ 2018માં IPLમાં ડેબ્યૂ કર્યું હતું. જો કે આ સિઝનમાં તેને તેની વાસ્તવિક ઓળખ મળી છે. ટ્રેવિસ હેડ સાથે મળીને તેણે T20 ક્રિકેટમાં એક નવો અધ્યાય લખ્યો. આ વખતે અભિષેકે કુલ 42 સિક્સર ફટકારી હતી. તેના પહેલાં કોઈ ભારતીય બેટ્સમેને IPLની એક સિઝનમાં આટલી સિક્સર ફટકારી ન હતી. તે સ્પિન અને પેસ બંને સામે આક્રમક બેટિંગ કરી રહ્યો હતો. આ આક્રમકતાને કારણે, તે વિશ્વની કોઈ પણ T20 ટુર્નામેન્ટમાં કોઈ પણ ઈનિંગ્સમાં 30 બોલ રમ્યા વિના 400 રન બનાવનાર પ્રથમ બેટ્સમેન પણ બન્યો. તેણે ટુર્નામેન્ટમાં 32.26ની એવરેજ અને 204.21ના સ્ટ્રાઈક રેટથી કુલ 484 રન બનાવ્યા.

**IPLની આ સિઝનમાં કેટલાક ખેલાડીઓ પોતાની રમતને એક અલગ સ્તર પર લઈ ગયા છે. આવા ખેલાડીઓમાં સૌથી પહેલું નામ તો વિરાટ કોહલીનું જ લેવું પડે તેવું છે. કોહલીનું નામ એટલા માટે પહેલા લેવાનું થાય છે કે ભલે RCB વધુ એક વાર આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ન બની શકી પણ છતાં કોહલી આ સિઝનમાં શરૂઆતથી અંત સુધી ઑરેન્જ કેપ હોલ્ડર બની રહ્યો. આ સિવાય તેમાં સુનીલ નરીન, જસપ્રીત બુમરાહ, અભિષેક શર્મા, સંજુ સેમસન, રિયાન પરાગ અને દિનેશ કાર્તિકનો સમાવેશ થાય છે.**

## સંજુ સેમસને સાતત્યતા દર્શાવી દીધી

સંજુ સેમસનની તેની સાતત્યતાના અભાવ માટે ઘણી વખત ટીકા કરવામાં આવી હતી. સેમસન IPLની ધમાકેદાર શરૂઆત કરશે પરંતુ તે પછી તે પ્રભાવિત કરી શકશે નહીં. જો કે, આ વખતે સેમસને ક્રિઝ પર સમય પસાર કર્યો અને તેની IPL કારકિર્દીમાં આ સિઝનમાં પ્રથમ વખત તેણે 500થી વધુ રન પણ બનાવ્યા. તેણે આ સિઝનમાં કુલ પાંચ અડધી સદી પણ ફટકારી છે. તેણે 48.27ની એવરેજથી કુલ 531 રન બનાવ્યા અને આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ પણ 153.46 રહ્યો.

## રિયાન પરાગે તેના પર મુકાયેલા વિશ્વાસનું ફળ આપ્યું

રિયાન પરાગે આ સિઝનમાં રાજસ્થાન રોયલ્સ (RR)ને તેનામાં લાંબા ગાળાના વિશ્વાસ બદલ પુરસ્કાર આપ્યો છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા બાદ પરાગ આ સિઝનમાં IPLમાં તેની ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ બન્યો હતો . આ IPL પહેલાં પરાગે IPLની 44 ઈનિંગ્સમાં 16.21ની એવરેજ અને 123.96ની સ્ટ્રાઈક રેટથી 600 રન બનાવ્યા હતા, જ્યારે આ સિઝનમાં એકલા પરાગે 149.21ની સ્ટ્રાઈક રેટ અને 52.09ની એવરેજથી 573 રન બનાવ્યા હતા.




## દિનેશ કાર્તિકે સ્પિન સામે પણ કૌવત દાખવી દીધું

દિનેશ કાર્તિક પોતાની અંતિમ IPL સિઝન રમી રહ્યો હતો અને છતાં તે પોતાની રમતમાં સુધારો કરવાનું ભૂલ્યો ન હતો. છેલ્લી પાંચ સિઝનમાં, તે ડેથ ઓવરની ઝડપી બોલિંગ સામે શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક તરીકે ગણવામાં આવતો હતો. આ વર્ષે તે સ્પિન સામે પણ હાથ ખોલવામાં અચકાયો નહીં.

કાર્તિકે સ્પિન સામે આઉટ થયા વિના 38 બોલમાં 63 રન બનાવ્યા હતા. આ સિઝનમાં સ્પિન સામે કાર્તિકનો સ્ટ્રાઈક રેટ 165.78 હતો, જે એક સિઝનમાં સ્પિન સામે કાર્તિકનો શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટ પણ છે. અગાઉ 2008માં તેણે 160ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા પરંતુ તે પછી સ્પિન સામે તેનો સ્ટ્રાઈક રેટ કોઈ પણ સિઝનમાં 140ને પાર કરી શક્યો ન હતો.